જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૨/૧૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭૩૦/૧૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી ૭૨ લીટર દેશી દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭૩૧/૧૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧મુજબ કુલ ૧૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહીબીશન એકટ ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ- સમાચાર યાદી નં.૩૭૩૨/૧૩

તા.૧૦/૧૨/૧૩ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૭૨૮૭ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૪,૩૩,૮૭૫/- વસુલ કર્યા છે. આ પૈકી ૨૧ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૧૩૯ વાહનો ટો કરી રૂપિયા ૯,૦૨૫/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૭ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૫ આઈ.પી.સી. ૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૩૭૨૫ કેસ કરી રૂપિયા ૧,૮૬,૨૦૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૩ થી તા.૧૦/૧૨/૧૩ સુધીમાં કુલ ૧૫,૬૦,૩૨૪ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૩૧,૨૭,૬૭૫/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

## બળાત્કારની ફરીયાદ :- સમાચાર યાદી નં.૩૭૩૩/૧૩

**કાગડાપીઠ :** નરોડા રોડ અશોકમીલની સામે, બંસીની ચાલીમાં રહેતી ૨૯ વર્ષની યુવતીને આરોપી નિર્દોષ શોભારામ બાજપાઇ (રહે.કૃષ્ણવિલા પાર્ક સોસાયટી, તેજેન્દ્રપાર્કની પાસે, વિરાટનગર, ઓઢવ) એ નોકરી આપવાની લાલચ આપી જાન્યુઆરી ૨૦૧૦ થી મે ૨૦૧૨ સુધીનાં સમયગાળા દરમ્યાન રાયપુર ખાતે આવેલ મીરેકલ હોટલ તથા ગાંધીનગર ખાતેની કિષ્ણ હોટલ તેમજ અન્ય શહેરોમાં લઇ જઇ આ યુવતી સાથે જબરદસ્તીથી શારીરીક સંબંધ બાંધ્યો હતો. આ અંગેની ફરીયાદ સદર યુવતીએ તા.૧૦/૧૨/૧૩ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવા :** વટવા ગામ, નારોલ ખાતે રહેતી ૨૮ વર્ષની યુવતીએ તા.૧૦/૧૨/૧૩ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૨/૧૩ સવારના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાની મરજી વિરૂધ્ધ આરોપી ચંદ્રકાન્ત મરાઠી (જેના સરનામાની ખબર નથી) એ જશોદાનગર શર્મા હોસ્પીટલ પાસે, સરદારજીની ઓફીસમાં પોતાની સાથે જબરદસ્તીથી શારીરીક સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.બી.ગોહીલ ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૩૭૩૪/૧૩**

**નારણપુરા :** સુરેન્દ્રકોર સોમસીંગ ભાટીયા (રહે.સોરાબજી કમ્પાઉંડ, ઉધ્ધવનગર જુનાવાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૨/૧૩ બપોરના ૩/૧૫ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન નવાવાડજ ભીમજીપુરા, મહેસાણા સોસાયટીના નાકે આવેલ શ્રીદુર્ગા ટ્રાવેલ્સ નામની પોતાની ઓફિસમાં બે અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) આવી એક પુરૂષ પોતાની પાસે ઉભો રહી બોટલો કઢાવતો હતો તે દરમ્યાન નજર ચુકવી કાઉન્ટર ટેબલના ડ્રોઅરમાંથી સુરેન્દ્રકોરનું કાળુ પર્સ ચોરી કરી લઇ ગયા હતા. આ પર્સમાં ડ્રાઇવીંગ લાયસન્સ, ચુટણી કાર્ડ, પાનકાર્ડ, સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૬૦,૨૦૦/- ની મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગામીત ચલાવે છે.

**ચેઇન સ્નેચીંગ :-** **સમાચાર યાદી નં.૩૭૩૫/૧૩**

**કાગડાપીઠ :** જશુબહેન હરીભાઇ વેગડા (રહે. બળદેવનગર કો.ઓ.હા.સો., જીવરાજપાર્ક, વેજલપુર) તા.૮/૧૨/૧૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ભુલાભાઇ ચાર રસ્તા પેટ્રોલપંપ સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે ૨૦ થી ૨૫ વર્ષના આશરાના પુરૂષ જશુબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જશુબહેન વેગડાએ તા.૧૦/૧૨/૧૩ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**વાહનચોરી:-** **સમાચાર યાદી નં.૩૭૩૬/૧૩**

**વેજલપુર : (૧)** શૈલેષભાઇ નાથુભાઇ ચોરેમા (રહે.શહેરી ગરીબઆવાસ યોજના, ફતેહવાડી, કેનાલ પાસે, ભઢ્ઢા ગામ, વાસણા) એ તા.૧/૧૨/૧૩ રાતના ૧૦/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની હિરો મોટર સાયકલ નંબર જીજે ૧ પી.એચ. ૮૮૯૭ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨/૧૨/૧૩ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ શૈલેષભાઇ ચોરેમાએ તા.૧૦/૧૨/૧૩ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.રામાવત ચલાવે છે.

**(૨)** યાસીનભાઇ જાફરભાઇ વોરા (રહે.સંકલીતનગર જુહાપુરા) એ તા.૯/૧૨/૧૩ રાતના ૧૧/૩૦ વાગે જુહાપુર પાણીની ટાંકી પાસે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૧ એ.ઝેડ. ૪૫૧૨ કિમત રૂપિયા ૩૬,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૦/૧૨/૧૩ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ યાસીનભાઇ વોરાએ તા.૧૦/૧૨/૧૩ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નટવરભાઇ કરશનભાઇ ચલાવે છે.

**મણીનગર :** ભાવનાબહેન રમણલાલ પટેલ (રહે.દિપજીવન પાર્ક, સોસાયટી, ઇસનપુર ચાર રસ્તા) એ તા.૪/૧૨/૧૩ સવારના ૧૧/૪૫ વાગે ડિવાયનબર્ડ સ્કુલ બહાર પોતાની નવીજ સુઝુકી એક્સેસ(જેનો આર.ટી.ઓ. નંબર આવેલ નથી) કિમત રૂપિયા ૪૪,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી ૧૫ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ભાવનાબહેન પટેલે તા.૧૦/૧૨/૧૩ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રંગીતસિંહ સાયબાભાઇ ચલાવે છે.

**સેટેલાઇટ** : પાર્થ મહેન્દ્રભાઇ કોઠારી (રહે.ગૌરવી એપાર્ટમેન્ટ, સત્યગ્રુહ ઉધોગની સામે, લાડ સોસાયટી, વસ્ત્રાપુર) એ તા.૨/૧૨/૧૩ સાંજના ૭/૩૦ વાગે સેટેલાઇટ યોગા નર્સરીની સામે, શ્યામલ બંગલા નજીક પોતાની બોલેરો ગાડી નંબર જીજે ૧૮ એ.એચ. ૭૩૩૩ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩/૧૨/૧૩ સવારનાં ૯/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ પાર્થ કોઠારીએ તા.૧૦/૧૨/૧૩ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.સીસોદીયા ચલાવે છે.

**નારણપુરા** : ચિંતન પ્રફુલચંદ શાહ (રહે.નંદીતાફ્લેટ ડી.કે.પટેલ હોલ સામે નારણપુરા) એ તા.૮/૧૨/૧૩ રાતનાં ૨/૩૦ વાગે રહેણાંક નજીક રોડ ઉપર પોતાની મારૂતિ ૮૦૦ યુરો થ્રી કાર નંબર જીજે ૧ એચ.જે. ૫૭૮૪ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ચિંતન શાહે તા.૧૦/૧૨/૧૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગામીત ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૩૭/૧૩</u>**

**રાણીપ** : દિવાળીબહેન રમેશભાઇ દાતણીયા (રહે.ગણેશનગરની ઝુપડપટ્ટીમાં, કચરાપેટીની બાજુમાં, પીપળજ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૨/૧૩ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે સુભાષબ્રીજથી આર.ટી.ઓ. તરફ જવાના રોડ ઉપર બ્રીજનાં છેડે પોતાની બહેન રાજેશબહેન (ઉ.વ.૩૫)(રહે.શંકરભુવનનાં છાપરાં, યોગેશ્વર ચોક, શાહપુર) સાથે ચાલતાં પસાર થતાં હતા દરમ્યાન મોટર સાયકલ નં.જીજે.૧ જે.જી. ૨૧૫ ના ચાલકે પોતાની મોટર સાયકલ બેદરકારીથી ચલાવી રાજેશબહેનને ટક્કર મારી શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સાંજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.સોલંકી ચલાવે છે.

**નરોડા** : ભવરસિંહ હિરાસિંહ રાવલ (ઉ.વ.૪૫)(રહે.ગામઃ ખાંડમલ, રામપુરા, તા.બિયાવર, જી.અજમેર રાજસ્થાન) તા.૧૦/૧૨/૧૩ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે નરોડા દેહગામ રોડ જી.ઇ.બી.ઓફીસ સામેથી રીક્ષામાં બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે એસન્ટ કાર નં.જીજે.૧. કે.સી. ૪૭૯૧ ના ચાલકે કાર બેદરકારીથી ચલાવી રીક્ષાને ટક્કર મારતાં ભવરસિંહને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી તેમનું મૃત્યુ નિપજાવ્યુ હતુ. આ અંગેની ફરીયાદ રમણજી ડાહ્યાજી ઠાકોરે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**શાહીબાગ** : જયેશ સુરેશકુમાર વરયાની (રહે. મહારથી સોસાયટી સરદારનગર) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૨/૧૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સી.એસ.ડી ડેપો થી એરપોર્ટ સર્કલ વચ્ચેનાં રોડ ઉપર પોતાના મામા હેમંતભાઇ નાઓ સ્કુટર લઇ પસાર થતાં હતા દરમ્યાન ટોયટો ટેક્સી કાર નં.જીજે.૧૮ એ.વી.૧૮૮૫ ના ચાલકે કાર બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતાં હેમંતભાઇને માથામાં ગંભીર ઇજાઓ થતાં ઘટનાસ્થળે જ તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અરવિંદસિહ જશવંતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.